ટેકીલી સુંદરબા

નાટકનાં ગાયનો.

શ્રી વાંકાનેર સત્ય બોધક નાટક કંપની માટે

રચનાર

રાવલ ઉમીયાશંકર રામચંદ્ર.

તથા

આચાર્ય મયાશંકર જયશંકર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

રાવલ શીવશંકર રામચંદ્ર.

શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કંપનીના માલીક.

આવૃત્તિ બીજી.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

(ગ્રંથ સ્વામિત્વ. સર્વ હક કર્તાએ સ્વાધીન રાખ્યા છે માટે કર્તાની રજા શિવાય છાપવું છપાવવું કે ભજવવું નહીં.)

કીમત ૨ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૩૭૮

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭૭૮ वर्गांक

पुस्तकनुं नाम રકીની સુઈરબા

विषय ૮ - : ૨ - ૪

નાટકનો ટુંક સાર.

મંગળા ચરણ.

પ્રવેશ ૧ લો—જોધપુરના રાજ્યબાગમાં સુંદરબા તથા રૂપાળીબા સાહેલીયો સંગાથે હથીયાર પુજન કરી ગરબો બોલે છે ત્યાં ભાનુમતી આવી સુંદરબાને નહી બોલાવતાં રૂપાળીબાને આજે તમારા વડીલબાઇ પાસે કેમ ન આવ્યાં તેનુ કારણ પુછેછે રૂપાળીબા—સુંદર બાની હથીયાર પુજન શીખવતાં હતાં એટલે ન આવી તેમજ સુંદરબાની કટારી કેવી ચકચકિત છે તે જોવાનું કહે છે તેથી આંબળાથી સુંદરબાને કટારીથી શું કરશો? તેમ પુછતાં શુદ્ધ ક્ષત્રાણી સુંદરબા. "પાવશેરની કટારીમાં ડુલાઉ આખી બાદશાહી," એ જવાબ આપે છે જેથી ક્ષત્રીવટ વિષે બેઉને તકરાર થાય છે અને પાવશેરની કટારીથી બાદશાહી ડોલાવવાનો વખત લાવીશ તે ડોલાવજે અને શુદ્ધ રહેજે આટલું કહી ભાનુમતી ચાલી જાય છે સુંદરબા પણ ચાલી જાય છે ગરબો લેતાં રૂપાળીયે વિલાસ ગઢના કુમાર મનહરસિંહને જોયેલ તેમજ કુમાર મનહરસિંહે પણ રૂપાળીને જોયેલ જેથી એક બીજાની સ્નેહવૃતી જોડાઇ. અને સખીઓ બગીચામાં ફરવા ગયેલ જોઈ, બન્નેને પ્રીતી વશ થવું, સખીયો વૃક્ષ પાછળથી આ બનાવ જોઇ રહી મનહરસિંહ શરમથી નાશી જાય છે સખીયો જોયેલ બનાવનું વૃતાંત પુછેછે રૂપાળી છુપાવે છે પણ અમે જાણી લીધું છે આમ કહી સાહેલીયો સાથે જવું

૨—ભાનુમતી પટરાણી છતાં અપમાન થયું—તેથી વેર લેવાની તદ-

બીર કરે છે અને રીસાઈ બેસે છે. સ્રી વશ રાજા રાયમલ્લ આવી રીસાયેલ રાણીને મનાવે છે અને વેર લઇશ તથા મરજી મુજબ કરવા કાલ દે છે.

૩—કરણસિંહ લાયક કન્યા મળી તેના હર્ષમાં બેઠો છે ત્યાં સુંદરબા ખોન્ન વદને આવી બગીચાની વિતક વાત કહી દીલગીર થાય છે કરણ તેને શાન્ત કરે છે. સુંદરબા પતીની રજા લઈ પીયર ગમન કરે છે.

૪—જોધપુરના પનઘટ પાસે મુસલમાન થયેલા રજપુત જસવંત અને રાયસિંહની છાવણી, પાણી ભરવા જતી આવતી સ્રીયોની વાત-ચિત્તપરથી સુંદરબા, "પાવશેરની કટારીમાં ડુલાઉં આખી બાદશાહી" આવું બોલી તેની ખબર જસા અને રાસાને થવી, અભણ પણ ભણેલાનો ડોળ રાખનાર લઘુપ્રસાદ વિપ્રનું આવવું, તેને હાથ દેખાડી બન્ને રજપુત ભવીષ્ય પુછે છે. તેનો લઘુપ્રસાદ અટકળથી જવાબ દે છે તેમાં કેટલાક દાખલા ખરા પડે છે જેથી બ્રાહ્મણે કહ્યા પ્રમાણે સુવર્ણનું દાન આપે છે તે લઇ લઘુપ્રસાદ જાય છે. અને બન્ને જણ પોતાને ભ્રષ્ટ ગણનાર સ્રીને બાદશાહની રાણી કરી તડકો છાંયડો દેખાડવા ઠરાવ કરી રવાના થાય છે.

૫—દીલ્લીમાં બાદશાહની કચેરી, જસવંત અને રાયસિંહનું આવવું સુંદરબા પાવશેરની કટારીમાં ડુલાઉં આખી બાદશાહી આમ બોલા તે જાહેર કરવું. તેને પકડી લાવવા. સિપાઈયો તથા સરદારોને ફકીરોના વેશમાં જવાનો હુકમ, અને સૌ જાય છે.

૬—સુંદરબા-પીયેરમાંથી સૌની રજા લઇ વિદાય થાય છે.

૭—બાદશાહના માણસો રસ્તો રોકી બેઠા છે ત્યાં સુંદરબા રજપુતો સાથે રથમાં બેસી આવે છે સિપાઇયો રજપુતને ખુટવવા ધારે છે પણ નહીં ખુટતાં સામા થાયછે. અને લડાઇ થતાં રજપુત થોડા હોવાને લીધે બધા મરી જાય છે જેથી સિપાઇયો ઇરાદામાં સફળ થઇ સુંદરબાનો રથ દીલ્લી લઇ જાય છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—રાયમલ્લને સુંદરબા પકડાયાના સમાચાર ભીમસીંહ આવી કરણને મદદ કરવાનું કહે છે રાયમલ્લ મારી માનીતી રાણીનુ અપમાન કર્યું તેનું ફળ તેને મળ્યું એમ કહી મદદ આપવા ના કહે છે. ભીમસિંહ ધીઃકારી ચાલ્યો જાય છે.

૨—ભીમસીંહ સુંદરબા વિષે સંકલ્પ વિકલ્પ કરી નિદ્રાધીન થાય છે. કરણ પોતાની રાણીનું હરણ કરનારને મારી અને સુંદરબાને પાછી લાવવાના વિચારથી ભીમસિંહજીના પલંગ પાસે થઇને નીકળે છે. ભીમસિંહ જાગી જાય છે. કરણને અત્યારે હથીયાર બંધ જોઈ ક્યાં જવું છે તે પુછે છે કરણ ખરૂં કારણ છુપાવી શીકારે જવાનુ કહે છે પણ પછી ખરૂં કારણ જણાવે છે ભીમસીંહજી સાથે આવવાનું કહે છે કરણ ના કહે છે. તો પણ ભીમસીંહ અત્યાગ્રહ કરી સાથે જાયછે

૩—દીલ્લીમાં બાદશાહ ને સુંદરબા મળવાનો હર્ષ. એક સરદાર આવી એ હર્ષમાં ઉમેરો કરવા. કરણસિંહની બ્હેન રૂપાળીબાની સુંદરતાનું વખાણ કરી તે શાહજાદાને લાયક છે એમ જણાવે છે બાદશાહ તેને પણ પકડી લાવવા હુકમ કરે છે.

૪—ભાનુમતી સુંદરબાનું હરણ થયું સાંભળી ખુશી થાયછે. તેમજ રાયમલ્લ આવી ભીમસિંહ મદદ માગવા આવ્યા હતા. તે તથા બાદશાહનો સરદાર રૂપાળીનું માગુ લઇ આવેલ છે તે રાણીને જણાવેછે. આ સાંભળી ભાનુમતી રૂપાળીને શા રીતે સમજાવવી તે યુક્તિ શોધેછે ને છેવટે ન સમજે તો બાદશાહના માણસોને કહેવું કે તમારી મરજી પ્રમાણે જોર જુલમથી લઇ જાઓ. એવો ઠરાવ કરી તેને સમજાવવા જાયછે.

૫—રૂપાળી ઇશ્વર પ્રાર્થના કરેછે. ત્યાં ભાનુમતી આવી તેને દીલ્લી મોકલવા જુઠુ સમજાવે છે. રૂપાળી પ્રપંચ જાણી તેને ધીઃકારી કાઢે છે રાયમલ્લ આવી ઘણું ઘણું વિનવે છે ધમકી આપેછે પણ તે

નહી ગણુકારતાં રૂપાળી તેને તીરસ્કારના શબ્દો કહેતાં એ શુદ્ધ થાય છે રાયમલ્લ બાદશાહના માણુસોને બોલાવી એક મ્યાનામાં રૂપાળીને કેદ કરી તેને સોંપેછે. અને તેઓ લઈ ચાલ્યા જાય છે.

૬—સુંદરબાને બાદશાહના માણુસો દીલ્લીમાં લાવી. એક મ્હેલમાં કેદ તરીકે રાખે છે. ત્યાં સુંદરબા. દાસી સુપ્રભા સાથે પતિવ્રત. સાચવવાની યુક્તિયો શોધે છે. અને છેવટે દામ અને છળથી. છુટવા ઠરાવ કરે છે. બાદશાહ. આવે છે તેને પ્રથમ તીરસ્કાર, અને પછી તાબે થઈ હોય તેમ જણાવી. યુક્તિથી પોતાની સહાયકારક. પાવશેરની કટારી લઇ છાતીપર ચઢી બેસી પાવશેરની કટારીમાં ડુલાઉ બાદશાહી તે બતાવે છે બાદશાહ પ્રપંચ કરી છુટી જાયછે અને સુંદરબાને એક ભયંકર કાળાગ્રહમાં કેદ રાખે છે.

૭—રૂપાળીને મ્યાંનામાં કેદ કરી લઇ જનાર ઇનામના લોભી સિપાઇયો ઇનામ કોને મળશે તે વિશે તકરાર કરી માંહોમાંહે કપાઈ મરેછે. માત્ર એક જીવતો રહેછે. તેને રૂપાળીના પ્યારમાં પડેલ અને આગળ રૂપાળીનો પતી થનાર માનસિંહ બંદુકથી મારે છે. રૂપાળીને મ્યાનામાં બેશુદ્ધાવસ્થામાં જોઇ તેને શુદ્ધીમાં લાવવાસારૂ પાણી લેવા જાયછે પાછળથી શીકારે નીકળેલા ભીલો મ્યાનો લઇ જાયછે. મનહરસિંહ પાણી લાવે છે પણ મ્યાનો નહી જોવાથી નિરાશ થઇ તેને શોધવા ચાલ્યો જાય છે.

૮—લંપટપુરમાં હરિલાલ શેઠની સ્ત્રી લંપટબાઈ એક દોલતસિંહ નામના નોકરના પ્યારમાં પડેલી તેને પ્રપંચલાલ દોલત એક હલકો નોકર છે એમ સમજાવી પોતાની સાથે પ્યાર જોડવા સમજાવે છે. લંપટ શેઠાણી તેને પણ લાલચ આપેછે હરિલાલ શેઠ આવી દોલતને રજા દેવાનું કહે છે. લંપટ–શેઠને સમજાવી તેને રાખવાનું કહે છે. એટલામાં ભીલ આવી જંગલમાંથી મળેલી રૂપાળી મ્યાના સાથે

શેઠને સોંપેછે. શેઠ રૂપાળીને બહાર કાઢી ધીરજ દેછે. શેઠાણી પોતાના નીચ કૃત્યમાં વિઘ્નરૂપ આ રૂપાળી થઈ પડશે એમ સમજી શેઠને ખોટું સમજાવે છે કે એને અહીં ન રાખવી. શેઠ તે નહી ગણકારતાં તેને રાખી પોતાના પુત્ર મોહનને રમાડવાનું કામ તેને સોપેછે શેઠાણી ખોટાં આળ ચડાવે છે.

૯—સાધુ વેશે ધન ધુતનાર ઠગ લંપટપુરમાં આવે છે. તેથી દોરા ચીઠી કરી ખુબ ધન ધુતવાના વિચાર.

૧૦—લંપટ શેઠાણી રૂપાળીપર આરોપ મુકી કાઢવાના વીચાર કરી શેઠને ઊંધુ સમજાવેછે પણ શેઠ નહી માનતાં ઉલટો શેઠાણીને શીખામણ દેછે. શેઠાણી મોહનને અફીણ ખવરાવી મારી નાંખે છે અને તેનો આરોપ રૂપાળી પર મુકે છે, શેઠ તેને કાઢવા વિચાર કરે છે. પ્રપંચલાલ શેઠને સમજાવે છે કે આપણા ગામમાં આવેલા જોગીને સોંપો. શેઠ જોગીને સુપાત્ર ગણી રૂપાળીને સોંપે છે.

૧૧—લંપટપુરના અભણ રાજા ગર્ધવસેનનો ન્યાય જોગી વેશે રહેલા ધુતારા (ઠગ) મુખે અને વિષયાંન્ધ રાજાને આ વખતે ફાંસીયે ચડનારને પરી મળે વિગેરે સમજાવી સ્વ હાથે ફાંસી ખવરાવે છે. અજ્ઞાનતાનું ફળ કમોતે મર્ણ.

અંક ૩ ત્રીજો.

પ્ર.—૧ લો—સુંદરબાને છોડાવવા જોધપુરથી નીકળેલ કરણસિંહ અને ભીમસિંહ દીલ્લીના એક બગીચામાં આવી પહોંચેછે. ત્યાં એક તંબોલણ અને તેનો દારૂડીયો ધણી આવેછે તેને પૈસા આપી અંદર જવા સંતલસ કરી મજુરને વેશે તંબોળીના પાનના ટોપલા ઉપાડી અંદર જાય છે.

૨—દરવાજાપર પહેરાવાળા મીયાંને તંબોલણ પાન ખવરાવી તથા વાતચીત કરી રીઝવેછે દારૂડીયો તંબોળી જેમ તેમ લવતો બે મજુર સાથે આવી ઠરાવ પ્રમાણે તંબોલણને લડે છે મીયાં લડાઈ

જોવા તેમજ તંબોલણના છટાદાર શબ્દો સાંભળવાના રસમાં મજુર વિશે ઝાઝી પડપુછ કરી શક્યો નહી તેનો લાભ લઇ બંન્ને અંદર દાખલ થાય છે.

૩—કાળાગ્રહમાં (જેલમાં) સુંદરબા તથા દાસી સુપ્રભા હમેશાં ભોજન આપવા આવનારી માલણને બદલે યુક્તિથી ગયેલી તંબોલણને મળે છે. તંબોલણ, કરણસિંહ, અને ભીમસિંહની વાત કરેછે. તેમજ કેટલીક નીશાનીયો આપે છે ત્યારે સુંદરબા સાહસ કરવા ના કહે છે. તંબોલણ સમાચાર લઇ ઘેર જાય છે.

૪—તંબોળીને ત્યાં ભીમસિંહ અને કરણસિંહ ત્યાં જવાની તૈયારી કરે છે તંબોલણ આવી સર્વ વૃત્તાંત કહી સુંદરબાયે સાહસ કરવા ના કહીછે. એમ જણાવેછે કારણ તેની ભીરૂતાપર હસી કહાડી જેલનો રસ્તો બતાવવા તંબોલણને વિનવે છે તંબોલણ જાય છે

૫—જેલની ચોકી ઓળંગીને ભીમસિંહ અને કરણસિંહ તંબોલણની સાહાયતાથી અંદર જાયછે પણ અંદરના કાળાગ્રહને ફરતી સળગતી ખાઇ શીરીતે ઓળંગવી તેનો વિચાર કરેછે છેવટે ભીમસિંહે પોતાની ઢાલપર સળગતી ખાઇમાં ઉભા રહેવાનો ઠરાવ કર્યો. કરણસિંહ તેના ખભાપર પગ દઇ અંદર જઇ સુંદરબાને લઇ આવે છે ભીમસિંહ બળી મરે છે કાકાને કસુંબો પાવાનું વચન અને છેવટના રામ રામ.

૬—સાધુ વેશે રહેનાર ઠગના હાથમાં રૂપાળી આવતાંજ તેની દાનત બગડે છે તેથી પોતાની સાથેના તમામ ઠગને સુતા મુકી તેમાંનો એક રૂપાળીને જંગલમાં પોતાના ખાનગી રહેઠાણ ભવાનીના મંદીર પાસે લાવી તેને પોતાનો વિચાર જણાવે છે અને નહિ માને તો ભવાનીને ભોગ આપીશ એમ ડરાવે છે રૂપાળી ઘણું વિનવે છે અને છેવટે મરવા તૈયાર થાય છે વિષયાંધ જોગી કાલાવાલા અને ધમકી આપી બળાત્કાર કરવા જાય છે ત્યાં મનહરસિંહ આવી તેને ઠાર કરી રૂપાળીને મુક્ત કરી બન્ને ભેટે છે રૂપાળીની શોધ કરવા

નીકળેલ જોધપુરનો નિમકહલાલ પ્રધાન આવી મળે છે બધાં કરસિંહની શોધ કરવા જાયછે.

૭—સુંદરબાને લઈ દીલ્હીથી નીકળેલ કરણસિંહને બાદશાહનો એક જોરાવર મલ્લ મળે છે. તેની સાથે સામે પગલે કરણસિંહ લડાઇ કરે છે. અને મલ્લ મરણ પામે છે. કાકાને કસુંબો પાવાનું વચન પાળે છે. રૂપાળી મનસિંહ અને પ્રધાન આવી મળે છે. એક બીજાની વીતક વાત પુછી પ્રધાન રાયમલની ક્રુરતા તેમજ હીચકારાપણાની વાત સંભળાવે છે. કરણસિંહ પોતાની બ્હેનને દુઃખ દેનાર રાયમલપર વેર લેવા પ્રધાનને આજ્ઞા કરી મોકલે છે, અને પાછળથી સૌ જાય છે.

૮—લંપટ શેઠાણીના મોહ પાસમાં સપડાયેલ પ્રપંચલાલ દોલતને મારવાનો વીચાર કરે છે. ત્યાં દોલત તેને મળે છે. એક બીજાની મશ્કરી કરે છે. પ્રપંચલાલની શેઠાણીપર મમતાની દોલતને ખબર હોવાથી તેને ધમકાવે છે. તેમજ શેઠાણી પાસે હવેથી નહી જવાના સમ ખવરાવી બન્ને જુદા પડે છે.

૯—લંપટ શેઠાણીને દોલતસિંહ આવી મળે છે પાન લેવા મોકલેલ પ્રપંચલાલ લાગ જોઇ શેઠાણીને પાન દેવા આવે છે. અને શેઠાણીને પ્યાર જોડવા કહે છે. દોલતસિંહ બહાર આવી પ્રપંચલાલનું ખુન કરેછે. ખુશી થઇ પાન ખાયછે. પણ પાનમાં વિષ હોવાથી થોડી વારે માલુમ પડે છે જેથી શેઠાણીનો દગો સમજી દોલત લંપટ શેઠાણીને ઠાર કરે છે. અને પોતે પણ મૃત્યુ પામે છે. વ્યભિચારી અને નીમકહરામીને કૃત્યની શીક્ષા.

૧૦—રાયમલને કેદ.

૧૧—કરણસિંહને રાજ્યાભિષેક રાયમલને વચન બાણની શીક્ષા કરી બંધનથી મુક્ત કરે છે. રૂપાળી અને મનહરના લગ્નનો આનંદ અને ખેલની સમાપ્તી.

મુખ્ય પાત્રો

કરણસિંહ—જોધપૂરનો રૂંઠાયો કુમાર.

રાયમલ—જોધપુરનો ગાદિપતિ.

ભીમસિંહ—તેનો કાકો.

મનહરસિંહ—સુંદરબાનો પિતરાઇ ભાઇ અને રૂપાળીનો પતી.

બાદશાહ—દીલ્હીનો મુસલમાન રાજા.

જશાવતસિંહ }
રાયસિંહ } મુસલમાન થએલા રજપૂતો.

લઘુપ્રસાદ—જોધપૂરના દરબારનો પુરોહિત.

ગર્ધવસેન—લંપટપૂરનો રાજા.

હરિલાલ—લંપટપુરનો નગર સેઠ.

દોલતસિંહ—નગર શેઠનો નોકર.

પ્રપંચલાલ—તેનો પાડોશી બ્રાહ્મણ.

સુંદરબા—કરણસિંહની રાણી.

ભાનુમતી—રાયમલની રાણી.

રૂપાળીબા—કરણની સગી અને રામલની ઓરમાન બ્હેન.

સુપ્રભા—સુંદરબાની દાસી.

લંપટબાઈ—હરીલાલ શેઠની સ્ત્રી.

તંબોલણ—દીલ્લીની એક તંબોલણ.

તે સિવાય પરચુરણ પાત્રો

સુત્રધાર, પનીઆરીયો, સખીયો, સરદારો, સિપાઇયો, પ્રધાન, તંબોળી, કડીયો, મજુર, પખાલી, ડોશી, જોગીયો વીગેરે, વીગેરે,

श्री सत्यनारायण सत्य छे.

ટેકીલી સુંદરબા-નાટકના ગાયનો.

મંગળા ચરણ.

૧

સુત્રધાર—શ્રી સત્યેશ વિશ્વરાય નામી શાષ પુંજુ પાય.
વિઘ્ન વિદારી થા સહાય દાસ આશ પૂર્ણ થાય. ટેક
બાળને વધારી વ્હાલ શુભવાણી હે રસાલ.
કાર્ય પુર્ણ કર કૃપાલ નંદલાલ હે દયાલ.
જાઉં વારી ગીરધારી લક્ષ્મી વરહે મુરારી.
દિન વાણી લ્યો સ્વીકારી આશ પુરો સૌ અમારી.

૨

નટી—નવ નવિન રસ ભરેલા નાટ્ય છે રતન.
સુગુણ દુર્ગુણ ગ્રહણ કરે જેવું જેનું મન.
આર્ય પ્રેક્ષકો પ્રવીણ હૃદય ભીન્ન ભીન્ન.
જેનું મન જેવું તેવી અસર થાય તન્ન.
સુભાષણે પ્રસન્ન કોઈ નૃત્ય હાવ ભાવ.
કોઇને ગમે લટક ચટક મટક મધુરૂં ગાન.
કોઇને સુંદર ચ્હેરો નખરાં નયનને લોચંન.

હાસ્ય વિર શાન્ત કોઈ શ્રંગારથી પ્રસંન.
જ્ઞાનીને વિવિધ બોધ દાઇ છે રતંન.
અજ્ઞાનીને ઊંધુ પડે તો ભોગ ભાગ્ય અંધ.

૩

સુંદરબાતથા સાહેલીયો — ધન્ય છે આજનીઘડી સુંદર અવસર રમત ગમત થાય
પ્રેમેથી પુષ્પે વાંટેલી લત્તાય જોઈ અતી આનંદ દીલ ઉભરાય.
ચીત્ત ચોર ચાત્તકને કોકીલાય બોલેછે મધુર સ્વરથી આંય.
મળીને સાહેલીયો સૌ સંગ ગ્રહો કર પુજન વિધી ઉમંગ
સ્નેહે કરો આયુદ્ધની મુજાય જેથી ધર્મક્ષત્રી તણો સચવાય.

૪

સાહેલીયો—શોભીત કરથી વિદ્યુત સરખી કટાર પરખી હું મન હરખી
ઉમંગે આવે આનંદ ઉછાળા.
રતીશી કાન્તી, ધરીને શાન્તી આ, વીરબાળા વિલોકી બાલી.
વેણી અંબોડે, મદન મરોડે, આ બેઉ જોડે, અનંત કોડે, ઉમંગે
ચતુરા ચાલે, સૌને રીઝાવે, સુવિધા શોભિત, મુખ મલકાવે, ઉમંગે.

૫

રૂપાળીબા—આયુદ્ધ પુજન કરવા પ્રીતે વિધ વિધ લઈ ઉપચાર.
ઇચ્છરંગે આવો અલબેલી ક્ષત્રી કુળની બાળ.
થાળ લઇ કરમાંયે કરો પ્રસન્ન જગત રાયે.

૬

સુંદરબા સાહેલી ચો વિગેરે—સખી ગ્રીષ્મ રંગ પલ્લવે નવિન શોભતો.
નવિન શોભતો રસિક ચીત્ત લોભતો. ટેક.

નવ યોવનની વેલીયો નવિન કુસુમ ખીલેલ.
જોબન હારને અરપવા લલચાવે નીજ છેલ.
વિરહે વિયોગી વેલી ઘેલી ઘેલી થૈ ભમે.
ડોલરે અનંગ રાજ આવી ડોલતો. સખી૦
સૂર્ય તાપ તપવે અતી જુવતી જોબન અંગ.
તન મનને તપવી રહ્યા કુસુમાયુદ્ધ ભુજંગ.
ચતુરા ચંદનના લેપ અંગ લગાવે રે.
શિતળ સુખ દાયક સ્યામ ભેટવા ભાવે રે.
ખસ પડદા પ્રીતી તણા પ્રેમ રસ છંટકાવ.
રસ બસ રસીયો રંગમાં થકી હાવને ભાવ.
સંયોગી લલનાઓ લાલથી રતી રમે.
વીયોગી ચિત્ત વીરહ વાયુ ઘોળતો. સખી૦

૭

સુંદરબા—પૂર્વે થઇ વીરબાળાઓ પવિત્ર.
પાળી નીજ કુળાચાર કર લઇ હથીયાર. મન ડર ના લગાર
યુદ્ધ કરવા તૈયાર ક્ષત્રી વટ પર જેને પ્રીત. ટેક.
હજી એવી છે હજાર નારી ક્ષત્રીયો મોઝાર.
સિંહણી સમાન ફાળ સંગ્રામમાં ભરનાર.
દુષ્ટ તણી બની કાળ શીયળ સાચવનાર. હા. હા. હા.
હરે પ્રાણ વાળે ધાણ, યવન તિમિરને ખચીત. પૂર્વે.

૮

ભાનુમતી—ચિત્તલાય લાયે (૨) લાગીછે સુણી કુવાકય આવાં કાન
અરે હાય હાયે (૨) વિપરીત વાણી વદી કર્યું અપમાન
સુંદરબા—ક્ષત્રી રીતીથી (૨) વિરૂદ્ધ વાકય કહ્યું નથિ મેં એક.
ભાનુમતી—બસ બસ હવેથી (૨) બંધ રહેતું છોડ સહુ વીવેક.

સુંદરબા—સાચુ કહેતાં સૌને માઠુ લાગે બહુ મંન.
નાહક રીસ ચડાવી શાંદ તપાવો તંન.

ભાનુમતી—બહુ બહુ બકી તું (૨) પણ યાદ રાખજે.
ભુલાવી દઉં તુજ ભાન.

૯

રૂપાળીબા—ભ્રમર વિના વિભ્રમ થયેલી કુસુમ કળી કરમાય.
ભ્રમર ભ્રમર મુખ ભ્રમર જંખે છે.
નહિ ભ્રમર અહીં કયાંય.
ખાસ વિણુ ભ્રમરાયે બળી કુસુમ ખાખ થાયે.

૧૦

મનહરસિંહ—કષ્ટ ન ધર કુસુમાવલી ધર ધીરજ મન માંય
ભ્રમર વિના જેમ ઘેલી બની
ત્યેમ તુજ વીણુ ભ્રમર ભમાય
જરા તું કરમાશે તો ભ્રમર મરણુ થાશે

૧૧

રૂપાળીબા તથા મનહર—ચાલ્યા કયાં રસીક રૂપાળા આવું અલબેલા બાળા
ચમકાવ્યું ચિત્ત ચટકાળા વશ લોચનથી લટકાળાં
વ્હાલા કરી વિરહે ઘેલી જાશો નહીં મુજને મેલી
દહેરી લલના લલચાવો પ્રીતી રસમાં પલળાવો
સખીયો આવે તમ દ્વારા જાઓ તો સમ છે મારા
ઉભો છું પાસ તમારા

૧૨

સાહેલીયો તથા રૂપાળીબા—મદ માતી મદન વશ પડી નવલ વેલડી વૃક્ષ વિંટલી
સખીજે વા વા. વાહવારે, વાહવારે, વાહવારે, વાહવારે
પતિ પ્રેમમાં પડીશું સખી સાથ વિસરી તું.

આમ ગાભરી બનીશું હાં. હાં. હાં
મુખે ગ્લાની. કહે શાની. જાને માની.
શાને સતાવે મને શાને રીબાવે.
કળી શકાય નહીં તેવી મુઝ આવે.
બહુ બહુ ચાળા મેલ ખરો જાણ્યો તારો ખેલ.
જાણ્યું જાણ્યું સૌ. હાં. હાં.

૧૩

ભાનુમતી—કરવા મન ધાર્યું મારૂં પતિ પાસે બોલું પ્યારૂં.
દિલડામાં દુઃખ દેનારૂં અપમાનનું વેરજ વાળું.
છટકેલી સુંદર બોલી છે કડવાં કડવાં વેણુ
અંતર અગ્નિ ભડકા લાગે સાંભળતાં દુઃખ દેણુ. કરવા૦
ગાદિ પતિની હું છું રાણી માનીતી મદમાતી
ધંધ કરી ધીક્કારી કાઢું રહે પછી પરતાતી કરવા૦

૧૪

રાયમલ્લ—રે સ્યામા શું કામ (૨) કોડીલાં હોંસીલાં બેઠાં શું આમ.
ભાનુમતી—નહી સ્વામી સલુણા મારૂં લ્યો નામ—રે
પડુડા પ્રીતમ નિત્યે ઠાલાઠમ પડુડા પ્રીતમજી
રાયમલ્લ—રમકે, ઝમકે, ધમકે, ઠમકે. તારો ગુલામછું તારો ગુલામ
હર્ષે ચુમ્બન દઇ મીઠી વાણી કહી હર્ષે ચુમ્બન દઇજી
રંગેથી (જાઓ) રસેથી (જાઓ) કહીદ્યો તમામરે. (૨)
ભાનુમતી—ખાલી શું બળીયા પુછો પાતળીયા ખાલીશું બળીયાજી
પ્યારા (વાહ) મારા (વાહ) ખાલી દમામરે (૨)

૧૫

રાયમલ્લ—વ્હાલી વ્હાલી દુઃખ દુર કરૂ તુજ સહુ
પ્રીત ધરી ચિત્ત થકી ચપળા તુ ચીન્તા તજ
શાને માટે ખેદ કરે ખાલી ખાલી....................દુઃખ.

ભાનુમતી—કરવાનું છે જેહ પતિ તેનું કશુ કરતા નથી
વાત કરો શીદ આવી કાલી કાલી..................દુઃખ.
રાયમલ્લ—તું થકી હુ નથી બીજા ખુશી રહે રાત દીન
રાજ્ય મહેલમાં સુખ મ્હાલી મ્હાલી..............દુઃખ.
ભાનુમતી—જાઓ જાઓ પ્યારા મારા ઉલટાં કરો ઓશીયાળાં
હું તો મારે મૈયર આ ચાલી ચાલી..............દુઃખ.
રાયમલ્લ—કરૂં તુજ મન્ન ધાર્યું સત્ય વાત હુ ઉચારૂં
કોલ દઉં હાથ તારો ઝાલી ઝાલી..............દુઃખ.

૧૬

કરણસિંહ—પામ્યો હું પ્યારીમન ગમતી જે મનહર સુરતી શુદ્ધ રતી
ગજ ગમની હરતી ચિત્ત વૃતી રહેછે દીન રાત હૃદય રમતી
શિયળવૃત સાચવવા તનમાં અંકુર અતી જેના મનમાં
નિશદિન ક્ષત્રી રીત આ ચરતી આયુદ્ધ કળા કરમાં ધરતી

૧૭

કરણસિંહ શશી વદનીછબી સારીસારોચોટી રહીચિત્તમાં તારી તારી
સુંદરબા—પ્રેમી પ્રેમની રીતી પ્યારી પ્યારી.
બતાવો સુનીતથી ન્યારી ન્યારી
હર્ષ અતી છે હૃદયમાં રતિ પતિ રમવા રંગ.
ઉચ્છરંગે ઉભરાય છે અંગ અનંગ તરંગ,
કરણસિંહ—રસીલી છબીલી પ્યારી પ્રેમમાં ફસેલી.
પા અધરામૃત પ્રીય અલબેલી;
સુંદરબા—અલબેલા હું આપની પ્યારી પ્યારી.

૧૮

સુંદરબા—પીયર જવાને પતીરે અરજ કરૂં પીયર જવાને પતીરે
દાસીની વીનતીરે. ટેક.

જુદાં પડતાં પ્રીય પતિ ચિત્ત ચીંતાતુર થાય,
પતી એક ક્ષણ આપનો વિયોગ નહિ વેઠાય.

કરણસીંહ—રામા રસીલી પ્યારી રે વીયોગ તારો (૨)
બનશે સંકષ્ટકારીરે વીયોગ તારો–કુસુમલતા બની ભ્રમરને
આપે સરસ સુવાસ-નાસકરીશ સુવાસ તો રેહેશે ભ્રમર ઉદાશ

૧૯

કરણસીંહ—વ્હાલી (૨) વળજે તુ વેલી નહી તુજ વિણ ચેન નવેલી
સુંદરબા—સ્વામી (૨) સલુણા મારા નહીં વિસારશો દિન દારા
કરણસીંહ—ચિત્તમાં (૨) ચિત્રામણ તારૂં મુગ્ધા મનથી ન વિસારૂં
સુંદરબા—નિત્યે (૨) પ્રિતમ પ્રિત ખટકે.........................
કરણસીંહ—..........................ચતુરાં ચોર્યું ચિત્ત ચટકે
સુંદરબા—જઉં છું (૨) રતિ રઢીયાળી..........................
કરણસિંહ—..........................ઝટ દરશન દેજે દારા

૨૦

પનીઆરીઓ—ચાલો સાહેલીયો સુપ્રસંગ પનઘટ પર જઇયે.
લીયો કનક કલસ શુભ સંગ પનઘટ પર જઇયે;
જોબન માતી રમક રમક, ચાલો ચાલ ઠમક ઠમક
નેપુર વાગે ઝમક ઝમક, ઘુઘરીયો ઘમક ઘમક

ગૌરી—(વાહ રે વાહ ! મેડકો જાણે મારા મનમાં છે એજ)
કાન્તા—(મનમાં તો હોય મદન)
વેણી—(મદન નહી પણ રતી)
તમામ—મન ગમતો થયો ઉછરંગ—પનઘટપર.

૨૧

પનીઆરીઓ—અલબેલી ઉભાજો દુષ્ટ પેલા યવનોની સાથેછે વટલેલા
ધરમાંન્ધ અભિમાને છકેલા વ્હેનો નડશે એ ચાલો વેલાં વેલાં

આંખો મટમટ કરતા પનઘટ
લુચ્ચા લાગેછે એ નટકટ છોડી ખટપટ
ચાલો ઝટપટ, ચટક, મટક, સટક.
હળવે રહીને કહેની બ્હેની મુવા રડયા એ વાત મુકોની
આવે અરરર છાની રહેની ચુપ ચુપ ચુપ.

૨૧

લઘુપ્રસાદ—પ્રીતથી પ્રીતથી પ્રીતથીરે લઘુપ્રસાદ નામ છે પ્રીતથી,
સન્ધ્યા ગાયત્રી કરૂં સવારમાં ધ્યાન ધરૂં દશ ચિત્તથીરે—
લાડુમાં લીન નિશદીન હું રહું છું ખાવામાં ખટકો ખચીતથીરે,
મુળાને મોગરી લઇને જમવા જાઉ છું રૂડી રીતથીરે—
ઝટપટ ભટ કહી સૌએ બોલાવે રાજી કરૂ ગાઈ ગીતથીરે—
કદિક છોકરાં કેડે પડે તો નસાડુ મારી ઈંટથીરે—

૨૩

જસવંત—બસ બસ બોલે શું બાળા બિચારી કરનારી શું એની કટારી
રાયસીંહ—ભ્રષ્ટ ગણી બકી નીચ વાણી દીલી પતીની બનાવું રાણી
તારે રેશે આ મુચ્છનું પાણી. હા હા.
નકી હા હા કરો જવાની તૈયારીરે— બસ.

૨૪

નાચનારી—કોઇ નહીં મિલતા સોદાગર કે સોદાકરે કિન્સે જાકર,
અજબ તંબોલન તેરી દુકાન બેઠી કતરે નાગર પાન;
હમ આશક તેરે મિજમાન બીડા બનાદે યાર.
પેસે લે ચાર હમારી ચેલી સદા એસી બતાકર અદા.
ડીંગના કદ તેરા હે દિલ જાની નેન બને દો ખુની,
ભમે કમાની પ્યારી તેરી અજબ બની પલકે દો તુફાની.
ગુલાબી ગાલ કે માથે ચમકા જુલ્ફે નાગે ભપકા,

સરાસર દીખતીરે જાદુગીરની ડાલ ચલોહે મોઈની;
કે તુજ બીન ચેન નહી લાગે જુરની ના ભાવે અન પાની.

૨૫

સરદારો—સબ આદમ એકદમ ચલો વહાં;
સબે હો તૈયાર મેરેયાર યહ શાહ ઇકરાર
આલમ મેં રખેઅબ નામ મીલેગા ઈનામ. કરે યહકામ. સબ.
ફકીરો બન કે શીરસે શીરતે સમશેર છુપા કે રખો કરમેં
અબ ઠેરો ન વ્હાં સબ પહોંચે વહાં કર કે યહકામ કરેંગે સલામ
મગરૂરહો તમામ મીલેગા ઇનામ
કહો! સબ નામ—ખુદા—ખુદા—ખુદા.

૨૬

સુંદરબા—દીયો રજા માતુ મારી (૨)
લાવો ન નયન નીર થાઓ ન તમે અધીર,
શાન્તી કરી સ્નેહ ધરી આશીષ દીયોને સારી:
તુજ સ્નેહ સુખકારો (૨)
વિયોગ થતાં આ વારે, ચિત્ત ચેન ના લગારે;
સંભારજે શુભ ટાણે સઘ સિધાવો આ વારે.

૨૭

સીપાઇયો—વાહરે મેરે યારો, સુનો સબ સરદારો;
બહોત મજા ઊડાવે (૨) રે ચલો ચલો ઇનામ ખુબ પાવે.
હાંરે રોટી ખાકે, બેઠા સબ છુપાકે;
પકડ લો જબ આવે (૨)—
છોડો સબે બાતાં, બડી બડી બનતા;
દેખો દુર કો આવે (૨) રે—

૨૮

રજપૂતો—દુષ્ટો બોલી કરો બંધ અભિમાને બની અંધ,
શાને મચાવો છો ધંધ. મુરખાઓ.
સિપાઇયો—સબ લેકે હથીયાર લડનેકુ હો તૈયાર,
રથ છોડકે આ ઠાર, દૂર થાઓ;
રજપુતો—રજપુતોથી અજાણ, બની ખોવા બેઠા પ્રાણ;
વળશે તમારો ધાણ.........મુ.
સિપાઇયો—અબે સુનો બેઇનામ સબ બનકે હેવાન,
કયું કરતે હો ગુમાન.........દૂ.
રજપુતો—સિંહ સુત તણું ખાજ, લેવા આવ્યા છોરે આજ;
લુટાશે તમારી લાજ.........મુ.
સિપાઇયો—નાહક કાયકુ નાદાન, સબ બનકે બેભાન;
ખોતેહો તુહારા જાન.........દૂ.

અંક બીજો.

૨૯

રાયમલ્લ—કાકા અણઘટતું એણે પગલું ભર્યું,
વેણુ કેણુ મારૂં કાંઇ ચીત્ત ના ધર્યું. ટેક.
મારશે એ શોધી ધર્મના વીરોધી,
ક્રોધીની સંગાથ નાહક વેર આદર્યું. વેણુ.
લાજ લુટાશે સંપતિ જાશે,
ચાશે ધુળધાણી સહુ રાજ માહારૂં. વેણુ.

૩૦

ભીમસિંહ—ધિઃક ધિઃક મતિ મંદ તુજને,
કુળ લજામણો થયો તુ અંગાર— ટેક.

હાય ! હાય ! હાય ! હાય ! હાગે ચિત્ત હાય,
ડાયલા બાયલાં તુજ વેણ દુઃખ દેણ. ધિક.
આવું વદિને ખોઇ લાજ આવે દાઝ.
અરે તુરક કરેશું બિચારા મારી માર ભારી.
કરૂં ઠેર લઇ કર સમશેર કાપી કાપી લઉં વેર. ધિક.

૩૧

કરણસિંહ—રઝળાવું મારી ઝટક પટક (૨) જઈ દિલ્લી હું શાહ સંહારૂ
મારૂં ધરી ધીર મુજ મન (લાવું) ઉલટ પુલટ કરી
વેર જ વાળું. મારૂ કાપું. યવન દુષ્ટને (લાવું)

૩૨

કરણસિંહ—વેર વેર વાપ્યું કાપું યવન ઠામ ઠામ,
જઇને વાળું ઘાણ લઈ અરિના પ્રાણ;
દિલ્લી જઈ શાહ બિલ્લી મારૂં ધરી હામ.
ભીમસિંહજી—ધરમ ચિત્ત ધરી સમશેર કર ગૃહો,
શોધો શોધી દુષ્ટોને પોહોચાડું યમ ધામ. વેર.
બન્ને—હવે ઉર અપાર પાપી કરવા ઠાર,
ઝાલી ઝાલી ઝીંકો પૃથ્વી રાખો ક્ષત્રી નામ. વેર.

૩૩

બાદશાહ—પ્યારી મેં વારી દીલદારી સુંદરીયાં,
જોબન મદમાતી ગુલઝારીયાં હાં ! પ્યારી;
આ કે છબીલી બતાદે રસીલી પ્યાર,
દિલ્લી તખતકી બન રાનીયાં યાર.
છુમ છુમ પ્યારી ચલ યારી બનાદે,
કરકે નેનોકી (૨) નજરીયાં હાં ! પ્યારી.

૩૪

ભાનુમતી—વાહ સુખદ સમય છે આજ થયું શુભકાજ,
વળી ગઇ દાઝ સુંદર પરસારી;
મનવાંચ્છીત ઇચ્છા આજ પુરણ થઇ મારી,
બોલોતી કડવાં વેણ બહુ દુઃખ દેણ.
અરે ડાકેણ ગઈ પરબારી. મન.
પિતુ કુળનો ખાલી તોર રાખતી ડોળ,
ગવાશે ધોળ રેશે પણ હારી. મન.
ધરી મનમાં બહુ મગરૂર બતાવતી સુર,
પડિ શુર ધુળ ગઇ કયાં કટારી. મન૦

૩૫

રાયમલ્લ—રે પ્રીય મારો પ્યારી, પ્યારી, પ્યારી પ્યારી તું
આજ અતીશે હર્ષથી, હર્ષથી, હર્ષથી ભેટું,—રે.
વ્હાલી રસીલી ઉરમાંહી, વસેલી નવોઢા નવેલી રહે હરખાતી,
અક્કડચાલ્ય તું ફક્કડ થઈ, મન ધાર્યું થયું તાહરૂં મદમાતી;
શુળ ગયું તુજ દુર હવે, ભરપૂર રહે અતિશે ભપકાથી.

૩૬

રાયમલ્લ—વ્હાલીજા વેલી વેલી, રૂપાળી પાસે. (૨)
સમજાવ્ય ખુબીથી વિવિધ વિલાસે. વ્હાલી.
શાણી શુભ વાણી વદી મર્મથી મીષ્ટ વચન.
કહી વાત બહુ અવનવી, જાણે નહી કોજન.
ભાનુમતી—સલુણા સ્વામી સમજો ન ઓછી હું કળામાં.
જલદીથી પ્યારા આવું છું વખત જરામાં વ્હાલી.

૩૭

રૂપાળીબા—ભવપતી ભય ટાળન પ્રભુ તું પ્રેમથી પ્રણમું હૃય કરહું.

પિતા તવ પુત્રી લઘુ વય હું ક્ષમા કર દોષ બાળ તુજ્જણું
સહાય કરો મુજ ભ્રાત કરણુની ભક્તી વત્સલ ભગવાન.
વચન અરિદળને સંહારો અરજ ધરી આ કાન. ભવ
અહંકારથી અધ અકર્મી કરે અતિ અન્યાય.
કરે પ્રયત્નો સત્ય ચુકાવા કાં નથી કરતો સહાય ભવ.
સુખકર દુ:ખહર દીનકર જગપર હરિહર નટવર આપ;
ઘરઘર મનપર અરજ અમારી પરહર અમ સંતાપ. ભવ.

૩૮

રૂપાળીબા—બસકર વાત શો ઉતપાત, ધીઃક તુજ માત.
જા કમ જાત મતિ મંદ ઉચરે શું વચન.
નીકળતું બ્હાર નહીં કર વાર, જીભ તુજ નાર તોડું તત્કાળ
થૈ ક્ષત્રીની નાર શરમ નહીં રે લગાર.
ભાનુમતી—રે વ્હાલી આ ખાલી ક્રોધથી વદો શું. આ
ભ્રાત તણું જઇ કરો જતન.
રૂપાળીબા—જોઈ તુંજ મુખ ઉપજે દુઃખ કાળ સ્વરૂપ થા હવે ચૂપ
પાપીણી શ્રાપણી અહીંથી અદીઠયા. બસ.

૩૯

રૂપાળીબા—નિચ નમેરા વદે શી આ વાત.
જાણી ન બાપી. અરે દુષ્ટ પાપી
મને નાખ્યા કાપી. મરૂં તુજ હાથ, ટેક
રે ક્રૂર થા દુર અસુર ન ઉર લેશ દયા નથી કેમ કુજાત
રાજયના લોભથી લંપટ ધીઃક ધરતો નથી કેમ ઇશની બીક
ભગની દુભાશે તારૂરાજ્ય જાશે.પીડાશે પાપી પીંડ તારૂં હે ભ્રાત

૪૦

સુંદરબા—સખિ શીર કષ્ટના ભારારે (સખિ (૨)
પર વશ પડયાં પ્રપંચ થકિ પાપી પાસમાં

સુપ્રભા—આવ્યા બાઇ દુઃખના વારારે (૨)
વ્હાલાંથી વીખુટાં થઇ વસ્યાં વેરી ત્રાસમાં
સુંદરબા—સખિ માતથી સખિ તાતથી સખિ ભ્રાતથી સખિ નાથથી
સૌ સાથથી જુદાં પડયાં થયું હરણુ દુષ્ટો હાથથી સખિ
સુપ્રભા—બાઇ બનો નહીં બાવરાં હીણું લખ્યું હત બાગ્યમાં
તે ભોગવી છુટો અહીં આવ્યા અકિના લાગમાં
સુંદરબા—સ્વામીને મળવા સ્નેહથી સખિ હર્ષ ડુંગર હું ચડી
હા! હર્ષ કેરે ડુંગરે ચડતાં અરે ગબડી પડી......સખિ

૪૧

સુપ્રભા—શાન્ત શાન્ત બાઇ કાન્ત કર્ણુ આવશે
વેરી ઝેરીને વિખેરી કષ્ટ કાપશે......................ટેક.
અશોકમાં સતિ સીતા પતિનું નામ રટતાં જેમ
આપ તેમ પતિ નામ રટો છો તે પતિ ભુલે કેમ. શાન્ત
દુષ્ટ યવનને દંડજ દેશે હરશે સૌ સંતાપ
સિંહ સુત કેમ બેસી રહેશે હૃદય વિચારો આપ શાન્ત.

૪૨

સુંદરબા—નફટ નાદાન સહી અપમાન ગયો છે;
દગો કરશે નહી પળાશે જે બોલ કહ્યો છે. હાયે હાય.
સુપ્રભા—(બા શું એને શરમ પણ નહી હોય.)
સુંદરબા—સખિ નથી શર્મ જરી નહી ધર્મ—મનમાં
અહો નિશ આમ દગાનાં કામ કરવા હામ તનમાં હાય.
સુપ્રભા—જગત પ્રતિપાલ છે રખવાળ—સંગે
ધરો નહી રોષ મુકી અફસોસ રહો ઉમંગે બાઈ આપ

૪૩

ભીલ—વાહ ! જાડી જબરી પેટી ઉપાડે હૈ હંફેટી
હો બોજરે.........ઓય મારા દીકરાની

આમાં તો ફ્રકડ બેટી. વાહ! મજાણી બન હે રાણી
ભર હે પાણી-ખાહે ધાણી-મીઠી વાણી-થઇ લેરરેવાહ!
વાહ! વાહ! જા જા
આપણુ એને હું કરીયે. હેડ હાબને બેટજ કરીયે.
ઈ ઠીકરે લૈ પૈ હાથી ઘર ભરીયેં જોઇ જડેલી
ધનની થેલી ઘેર રંગીલી ઘરમાં-મેલી બનહે ઘેલી
ઓ હો હો હો હો, અ ધ ધ ધ ધ ખુબ-ખુબ-ખુબ.

૪૪

મનહરસિંહ—મનને હરીને વનમાં પ્રીયા કયાં ગઇ. (૭)
અરર ઓચિંતો આ શું કોપ;
ઓ હરિ હરિ ઓ હરિ
પ્રાણ પ્યારી કયાં છે તું રમણી નમણી પદ્માણી
સદનમાંય મદન તાપે મન મુઝાય જીવ જાય હાય મનને
જીવન હાર જોતાં હાય! મનમાં જનમાં તનમાં,
દુઃખદ લાગે ચિત્ત ચિરાય કષ્ટ, કાય ના સેવાય. હાય મનને.

૪૫

લંપટબાઇ—રંગ રસીયા રંગીલા લાલરે આવો વ્હાલારે.
છેલ છોગાળા મુજ મન હારરે આવો લાલારે
મન મોહન મનમાં વસી હસિ ધસીને આપ,
ચિત્તહર ચતુર પધારીયા હરવા મુજ સંતાપ. રંગ
સ્મર શત્રુ અગ્ની બની તન તપવે છે કુપાત્ર;
ચંદ્ર બની ચકોરીના કરો શીતળ સહુ ગાત્ર. રંગ.

૪૬

દોલતસીંહ—જોઈ રમકો ઝમકો પગ ઠમકો કુરબાન છું.
લંપટ—પ્રીતીજ અમુલ્ય સુખ
દોલત—પણ નિભાવતાં બહુજ દુઃખ.
લંપટ—પાતળીયા પ્રીતી રંગેરે રોળાઈ હું.

દોલત—પરસ્પર એમજ પણ લોક ચરચાની બીક.
લંપટ—બીશો નહી કોઇથી બળીયારે કરનારશું.
દોલત—અરપું અબળા અલબેલીરે મમજાનહું.
લંપટ—શુંદાતારી.
દોલત—વાહ ! મુજ પ્યારી.
લંપટ—બહુ આભારી.
દોલત—વખત થયાથી બહાલી રે હવે જાઉછું.
લંપટ—પ્રેમ રસ પૂરો કર્યા વિના.
દોલત—વખત વિના પ્રેમ રસ પુરો કરવા જશો તો સપડાશો ?
લંપટ—તે ભલે પણ વીરહ વેદના નહીં વેઠાય.
દોલત—મારો હાથ મુકો ઘેલાં શું થાઓછો.
લંપટ—મારા પ્યારા આમ ટળવળતી મુકી શું જાઓ છો
દોલત—શાણી સમજુ સલુણી રે ઝટ આવુંછું.

૪૭

જોગી—(ઠગ)—ધનને ધુતો ધરમના ઢોંગજ કરી.
ધરમના ઢોંગજ કરી વળી હરી હરી કરી. ધનને.
દોરા ધાગાને ચીઠીજી (૪) બંધાવા આવેરે.
વશ કરવા વનિતા ઘણી બણી ઠણી ધણી ઘણી. ધનને.
બીજો—બંદે આટાની લીધીજી (૪) સુખડલી સારીરે.
ખાધી ખોખારા ખુબ કરી પેટ ભરી ભરી ભરી. ધનને.

૪૮

દરબારીયો—તજી સંસાર રે નરનાર સૌ એકવાર આમ જનાર.
પણ અવિચાર જે કરનાર તેહનું મોત કમોતે થનાર.
વિદ્યાવિના નર પશુસમાન ગર્ધવસેનને ગર્ધવ ગ્નાન.
ભોળપણામાં ભુલીચિત્તભાન ધુતાના ઢોંગથી અર્પીયોજાન.
ગ્નાનવિના અંતે આમ થનાર થનાર થનાર. તજી.

અંક ૩ ત્રીજો.

૪૯

તંબોલી—ક્યાં ચાલી તું રાંડ રખડવા ક્યાં ચાલી તું રાંડ.
તંબોલણ—દારૂ પી રહે બક બક કરતો લેવા ચાલી પાન.
તંબોલી—ખુબ બની મસ્તાન રાંડ પણ મારૂં તમાચો હા. હા. હા.
તંબોલણ—ભાનવિના શું ભસ ભસ કરતો.
તંબોલી—મુક નામ બસ મુક નામ ચુપ મુક નામ.
તંબોલણ—સાચું કહુંછું હું તુંજ કાજે નીચ કામ છે નીચ કામ એ
નીચ કામ—
તંબોલી—હર ઘડી લવરી એજ લવે છે ખાઇશ માર તું ખાઈશ
માર લે ખાઇશ માર.
તંબોલણ—ઓય બાપ હું મરી ગઇરે.
તંબોલી—ચુપ રાંડ થા ચુપ રાંડ કર્ય ચુપ રાંડ. ક્યાં.

૫૦

તંબોલી તથા તંબોલણ } અંહે। બહાદુર કેવોરે સિધી સટ્ટ રાંડ કરી,
તડ તડ મારી તમાચારે ખડ ખડ પૈસા લીધા હરી;
બડ બડ આ શું બકે છેરે મદીરામાં મસ્ત બની,
પડનો પડતો-રોજ રખડતો-રંગની પ્યારી;
ખુબી જ ન્યારી, બજ્યો રંગ એ કેવો રંગીલો,
ઘેનમાં ઘેલો (હા હું ઘેલોને તું ઘેલી હવે ચાલ વેલી વેલી)

૫૧

સુંદરબા—અરર દીલમાં દુઃખદ લાય. (હાં) થરર થરર કંપે કાય હાંહાં
ચરરર મુજ ચિત્ત ચિરાય શાણી સખીરે. હાં.
સુપ્રભા—છેક બનો શું અધીર (હાં) ચક્ષુયે ચોધારા નીર હાંહાં.
શાંત થાઓછો સધીર શાણી સખીરે. હાં.

સુંદરબા—ભયભીત આ ભુવન ભાસે (હાં) દૈત્ય સમ એ દુરક
ત્રાંસે હાં હાં.
શીયળ સારૂ મૃત્યુ થાશે શાણી સખીરે. હાં
સુપ્રભા—પતિવ્રતા છો વીરબાળ (હાં) નિતી નીપુણ છો અપાર હાંહાં
લાજ રાખશે દયાળ શાણી સખીરે. હાં.
સુંદરબા—મરૂછું નાથ આવો વ્હેલા (હાં) દર્શન દીયો અલબેલા હાં હાં.
મોહન બન્યા શું મન મેલા શાણી સખીરે. હાં.

૫૨

સુંદરબા—તજુ તન હું તો પ્રાણાધારરે વારે ધાઓ.
જપુ જીવન તમ જપમાળરે વારે ધાઓ;
વિરહ વંટોળે વાલમા ઉડાડી તમ પાસ,
પણ અધમી અધવચ નડયાં પાપ હાય મુજ ખાસ.
જીવિત આધાર હૈડાના હાર યોવન શણગારરે. વારે
અંત વખત અલબેલડા પ્યારથી એકજ વાર,
લપટાવી હૃદયે પીયુ પાઓ પ્રેમ દીલદાર;
નહીં તો આ વાર મરશે નાર ભોગી ભરથારરે—
ચિત્તવિત ચતુર હરી તમે ઘેલી કીધી નાથ,
દુષ્ટતણા બંધન થકી ઉગારો ગ્રહી હાથ;
અબળા રખવાળ સિંહ ક્ષત્રીબાળ યવન અરિ કાળરે—

૫૩

કરણસિંહ—પ્રભુ છે તારી ગતી અતી ન્યારીરે—ટેક.
સતી પિલાયે દુઃખમાં કુલટા માણે સુખ;
મુરખ જન ધનવાનને ગુણિયલ જન ભીક્ષુક.
ક્રોથી કળી ના શકાય કૃતિ તારીરે—કો—પ્રભુ.
લક્ષ્મી વિણુ દાતા અરે સુખ ઘેર ધન ધામ,

આવી અદ્ભુત અવનવી રચના ઠામે ઠામ;
જોતાં પાર ન લે મતિ મારીરે.—જો—પ્રભુ.

૫૪

તંબોલી—વાહ ! પ્યારી મારી ખુબ હીમત તારી,
વારી જાઉં મારી બાપુડી મારી બાપુડી. (૨) વાહ !
તંબોલણ-સોટોઅડાવીને પૈસા પડાવીને ખુબ બનાવો શું પ્યારોકહો
તંબોળી—વા ! પ્યારી વા ! પ્યારી હું તારી બલીહારી.
તંબોલણ—જાઓની જાઓની વાતો કુડી—મારી બાપુડી (૨) વાહ !

૫૫

કરણસીંહ—પિતને પ્યારથી પાળીને મુજને આપ્યું અત્યુત્તમ જ્ઞાન
છેક હતો હું અજાણ તેહને કીધો સુજાણ.
હાયે નહીં એ કરાય—આપ્યું—
જેણે લાડ લડાવીયાં ઉચ્છેર્યો ગણી પ્રાણ.
તેને નિજ અર્થે હવે પડવા દૈજ અજાણ.—આપ્યું.
લાજે જનુની માહારી થાતાં આવું કામ જન સરવે પાપી કહે
ને રૂઠે શ્રી રામ—આપ્યું

૫૬

ભીમસીંહજી-યસ સમ ઉજવળ સકળ વિશ્વમાં ઉજવળ નહીકંઇઅન્ય
નાશ નહીં થાશે કોઇ કાળે અમર કિર્તિના સ્થંભ
અતીશે મજબુતો કરે જે ક્ષત્રી સિંહ સુતો

૫૭

ભીમસીંહજી—જન્મીઆ જગતમાં નામ નહી મેળવ્યું શ્વાન સમજે
વૃથા હાય જીવ્યું
મરણને શરણ એક વાર થવું સર્વને તો પછી મ-
રણથી શાને બીવું.

ક્ષત્રીસુત રણવિષે સ્નેહીના મર્ણથી શોક કરી આમ
શું હામ હારે.
પાવકે પગ ધરી શું સતિ પ્રેમદા જગતમાં જીવ-
વા ચીત ચાહે.
ટેકને કાજ આતમ છે ક્ષત્રીનું ટેકને રાખવા શીર
જાએ.
તરણવત્ તન જશે આ સતિકાજ જો મેરૂં સમ
કિર્તિ તો અમર થાશે.
કર્ણથા કેશરી કઇ નહી ઘર ફરે છેક શું છોકરૂં થ-
ઇજ બેસે.
શોકને દુર કરી હામ ધરો કામ કર જગ્ત માંહેજ
મુજ નામ રેશે

૫૮

સુંદરબા તથા કરણસીંહ—છેવટના લ્યો પ્રણામ હાંરે કાકા છેવટના
લ્યો પ્રણામ.
મુજ માટે અરેરે કર્યું તમે સ્વર્ગ પ્રયાણ હાંરે
હું નિર્ભાગો આપને ત્યાગી જઉં છું હવે
રામ રામ હાંરે.

૫૯

જોગી—ભજનમે છુમના મેરી માયરે;
જીને લાગ્યાં શબ્દ કેરાં બાણજી. ટેક.
મખી બેઠી સંતપે ઔર પર લપટાયા જાય;
ઉડનેકા તો સાસ નહીં ઔર સમજ સમજ પસ્તાય, ભજનમે.
સાંઇકા ઘર બ્હોત દુર હે ઔર જેસી લંબી ખજુર;
ચડે પેતો પ્રેમ રસ ચાખીયે ઔર પડે સો ચકનેચુર.ભજન.

મેં ચાલી બજાર મેં ઓર સામે મળીયો છેલ.
દેડા તો રાખું મારા હાથમાં ઓર ઝડપે મારા નેન. ભજન.
મટ્ટીકે કુંભારકું તુ ખુંદ લે રે મુજકું;
એક દીન એસો આયગો મેં ખુદ લઉંગી તુંજકું. ભજન-
હાડ જડે ચમડા જલે જલે જમુના કે તીર;
રામનંદકી ફોજ ચડી યામ સનમુખ લડે કબીર. ભજનમે.

૬૦

રૂપાળી—ભય ટાળક હે ભોળી ભવાની જન્મ ધરી જગમાંય.
નીરમળ જો મુજ મન હોય તો દરશન દે મમમાય;
સફળ કર્ય જન્મારો મારશે નિશ્ચે હત્યારો.

૬૧

જોગી તથા રૂપાળી—થાતું થાતું પ્યારી મારી બસ ચુપ ચુપ ચુપ
કુરબાન પર રૂપ. પાપી ચુપ. ચુપ. ચુપ. ગા-
લગુલાબી નાજુકબદન આ મારે મદનના બાણ.
નફ્ટ નાદાન. પ્યારી દિલ જાન ખસીજા હેવાન
એક ચુમ્બી દેદે પ્યારી. બસ ચુપ. ચુપ. ચુપ.
સમજ સમજ તું શાણી રસીલી ભોગ આપું ની-
રધાર.
કરે શીદ વાર સમજ એક વાર. અધમ ધીકાર.
મારૂં છું નહીતો માન. બસ. ચુપ. ચુપ.ચુપ.

૬૧

રૂપાળી } કોણપ્રીય પ્રાણાધાર (૨)
માનસિંહ } પ્રીયે પહોંચ્યા શું પ્યારીની લેવા સંભાળ. હૈયાના હાર.
રંગીલી. રસીલી. છબીલી નાર હૈયાના હાર.

વિના આપે ફરતી ઘેલી ઘેલી.
ભેટયા ભોગી રેલી રસ હેલી,
ધન્ય ધન્યરે ધન્ય ધન્યરે;
ધન્ય ધન્યરે સોના સૂર્ય ઉગ્યો આવાર હર્ષ અપાર.
આધિન અલબેલી છું ચતુરાં નાર ચાલો આ વાર.

૬૨

સુંદરબા—મહા સૂરા મળ્યા મન ગમતા મન મોહન મુજ પ્યારા,
સુંદર શ્યામ સલુણા મારા અરપું તન મન ધન,
કર્ણસિંહ—પ્રીય લટકે-ચિત ચટકે-મુખ મટકે,
છું આધીન અલબેલા પ્રેમવેલી પ્યારી મમજીવન દિલદારા
અમૃત સમ તુજ રસિક રસિકા મિષ્ટ વચન દીલ જાન,
સુંદરબા—પ્રિય પ્યારા લટકાળા સુખ કયારા રઢીયાળા,
રતિ પતિ રસભિના થાશો નહી ક્ષણુ ન્યારા;
પ્રભુ પ્રતાપે પ્રીતમ પ્યારા જઇયે આપણે ધામ.
કરણસિંહ—સુખ મ્હાલો........કર ઝાલો........ઝટ ચાલો,
રૂમ ઝુમ રૂમઝુમ કરતિ રંગીલી પારસના પ્યાલા;

૬૩

સુંદરબા. રૂપાળી } વાહ ! હરખ હરખ હરખે હૃદય આજ ઉભરાવ્યુંરે
કર્ણસીંહ મનહર } ફરન સહાય થઇને દુષ્ટ બંધન છોડાવ્યુંરે;
સત્ય નિભાવ્યુંરે પણુ પળાવ્યુંરે.........વાહ !
દર્શ થયાં ભાન તણા મગન મન મારૂંરે,
પુષ્પે વધાવુંરે સુખદ સારૂં...........વાહ !

ધન્ય ધન્ય સૌ સ્નેહી મળ્યાં થયું મન ધાર્યુંરે,
ઇશ કૃપાળુરે........ફ્લ સુધાર્યુંરે........વાહ !

૬૪

લંપટબાઈ—પ્યારા પ્યારા પ્યારારે પાઓ પીયો પ્રેમ રસ પ્યારા,
દોલત—વ્હાલી વિના તુજ પડે ન કંઇ સુજ;
તારી સારી રૂપાળીરે,
છબી ચોટી રહી ચિત્ત મ્હારા.. ......પ્યારા પ્યારા.
લંપટબાઇ—રસિક રસિયા મુજ મન વસીયા રંગે અનંગે,
ઉમંગેરે રમું આનંદે હું તમ દ્વારા.
દોલત—સુંદરી શાણી મધુરી વાણી પ્યારી...પ્યારી......પ્યારીરે
લાગે લલિત લલના અપારા

૬૫

સાહેલીયો—સખીયો સુંદર શોભે વાહ ! જુગતે જોડ બનેલી.
મદન રતિ સમ જોતાં દંપતી બેની
ચિત્ત વિત્ત ચતુરાં ચુકી બની ચમેલી.
બાળા કુંદનની કળી હીરો રાજવી બાળ
કુંદનમાં હીરો જડયો શોભાનો શો પાર.
મલક મલક મદમાતી મુખ મલકાવે.
લટક ચટકતી ચાલે કામની વેલી ચિત્ત.
મંગળ મય દિને આજનો ઉપજ્યો આનંદ અંગ.
હર્ષ થકી આજે મળ્યાં રાજય બાળ સૌ સંગ
ઉમંગ અધિકો આલી નીરખી અલબેલી. ચિત્ત.

૬૬

સર્વે રાજ્યમંડલ—જય હરિ હર સુખદાતા ત્રાતા

બહુ જગપર જશ છાતા જ્ઞાતા.

દિન જન ભય હરવા ધાતા.

રાખી ટેક નેક ધારી ઉર સત્ય કૃત્ય

સુંદર શુભ ખ્યાતા દાતા

સા-રે-ગ-મ-પ-ધ-ની-સા-સા-ની-ધ-પ-મ-ગ-રે-

સમાપ્ત.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિ

જાહેર ખબર.

જણાવવામાં આવે છે કે નિચે લખેલાં પુસ્તકો શ્રી ગાયન
મોરબી નાટક કંપનીનો મુકામ જ્યાં હશે ત્યાંથી રોકડી કીંમ

નાટકના ગાયનો					કીંમત રૂ.
રેખોલી— સુંદરરેખા	,,	,,	...	...	૦
કુસુમ—કમળા...	,,	,,	...	...	૦।
વસંત—માલિની	,,	,,	...	...	૦
બહાદુર કલાણ	,,	,,	...	...	૦-
ચંપક—ચાતુરિકા.	,,	,,	...	...	૦=
સતિ—સોન	,,	,,	...	...	૦—૬—૦

તેમજ અમારૂં નવજાતું લોક પ્રિય. વસંત માલિની નાટક ... ગદ્ય પદ્ય, સાથે થોડા દિવસમાં બહાર પડશે.

શ્રી ગ્રંથ કર્તા

રાવલ ઉમીયાશંકર રામચંદ

તથા

આચાર્ય મયાશંકર જયશંકર.

હિન્દની અદ્દભુત ચમત્કારી વાર્તાઓનો અનુવાદ

ઇન્ડીયન ટેલ્સ.

ઉત્તમ કારીગરીથી ઘણું ખર્ચે તૈયાર કરાવેલાં સુંદર ૧૫૦ ચિત્રો વાળું લગભગ ૮૦૦ પૃષ્ઠનું દળદાર પુસ્તક છપાય છે, કીંમત રૂ

નામ નોંધાવો.

મુ. આલીગ, } ખંભાત. } પ્રસિદ્ધ કર્તા. જે. એમ. ભીખાભાઈ એન્ડ કો.